હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બેબી પહેલી વખત મતદાન કરશે... તેને સમજાવવી પડશે કે... લવ જેહાદ કરતા પણ ચુંટણી જેહાદ ખતરનાક છે... વિચારીને પગલુ ભરવાનું...!!

દહેગામની ઝાંક GIDCમાંથી ૮ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૨

દહેગામની ઝાંક જીઆઈડીસી વિસ્તારમાં ગણેશ ફાઉન્ડ્રી નામની કાસ્ટીંગની ફેકટરીની આગળના ભાગે ખુલ્લી જગ્યામાં કુંડાળુ વળીને જુગારની બાજી માંડીને બેઠેલા ૮ જુગારીઓને પોલીસે રૂ.૨૧ હજારની મત્તા સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર પોલીસની ટીમ દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહી હતી. તે સમયે બાતમી મળી હતી કે ઝાક જીઆઈડીસી વિસ્તારમાં આવેલા આશુતોષ એસ્ટેટમાં ગણેશ ફાઉન્ડ્રી નામની કાસ્ટીંગની ફેકટરીની આગળના ભાગે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે તે જગ્યાએ દરોડો પાડી જુગાર રમી રહેલા ૮ શકુનીઓને પકડી પાડ્યા હતા.

પોલીસે જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. જયારે પોલીસે જુગારીઓને નામ પુછતા જયંતિભાઈ કાળીદાસ સોલંકી (ગામ-વહેલાલ વણકરવાસ, તા.દસક્રોઈ), રાકેશકુમાર રાજારામ પ્રજાપતિ (રહે.ચેતનનગર ભાર્ગવ રોડ મેમકો), સુનિલકુમાર બિરેન્દ્રસિંહ રાજપુત (રહે.હાલ ઝાક જીઆઈડીસી), મનતોષકુમાર પ્રભુરામ કેશરી (રહે.ઝાક જીઆઈડીસી આશુતો, એસ્ટેટ), મનોજકુમાર રાજેશ્વર સાહ (રહે ઝાક જીઆઈડીસી ઉમા મેટલ કંપનીની ઓરડી), દેવીસિંહ રામસીંગ જાદવ (રહે.બજરંગ આશ્રમ કૃષ્ણનગર), સાહિલ બેલાજી ઠાકોર (રહે. ઝાક રામજી મંદિરની પાછળ) અને અવિનાશ ગણપતભાઈ પંચાલ (રહે.નટરાજ સોસાયટી સેજપુર) હોવાની કબુલાત કરી હતી.

પોલીસે જુગારીઓની અંગજડતી, દાવ, મોબાઈલ, રોકડ મળી કુલ રૂ.૨૧ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં આકાશ વાદળછાયુ રહેતાં દિવસભર ગરમીનો અહેસાસ ઓછો થયો હતો.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર કલેક્ટરના અધ્યક્ષપદે આજે તમામ ચૂંટણી અધિકારી અને મહત્વના નોડલ અધિકારીઓની એક બેઠક યોજાઈ હતી.
- ૨૪મીએ વડાપ્રધાન મોદી દહેગામ આવી રહ્યા હોવાથી ભાજપના સંગઠનના આગેવાનો તૈયારીમાં વ્યસ્ત બન્યા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના પ્રિકોશન ડોઝ અભિયાન અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં ૩ અને શહેરમાં ૨૯ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- લગ્નસરાની મોસમ જામી હોવાથી ચૂંટણીનો માહોલ હજુ એટલો જામ્યો નથી.
- ગાંધીનગર જિલ્લામાં ૨૬૦ મતદારો શતાયુ નોંધાયેલા છે.
- દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામે અજાણ્યા કારચાલકે બે બાળકીઓને ટક્કર મારી કાર મુકી કારચાલક ફરાર થઈ ગયો છે.
- સેક્ટરોમાં રોડ રિસરફેસીંગ અને મરામતના કામો અધુરા મુકાતા સેક્ટરવાસીઓની પરેશાની વધી છે.
- ગુજરાત સ્ટેટ એસોસિએશન દ્વારા યંગ ઈન્ડિયા સ્પોન્સર થ્રો બોલ ટુર્નામેન્ટનું આયોજન તાલુકાના શેરથા ગામે કરાયુ હતુ.
- કુડાસણ સ્થિત પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.
- ગાંધીનગર તાલુકાના સરઢવ ગામે સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા સ્વબચાવ તાલિમ કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.
- ગાંધીનગર શહેરમાં સે. ૨૩ની લગ્નવાડી ખાતે છોત્તેર ગોળ દરજી જ્ઞાતિ સમાજનું સ્નેહમિલન યોજાયુ હતુ.

ડભોડા શ્રી એમ એચ વિદ્યા મંદિર ખાતે વાલી બેઠક યોજાઈ

ગાંધીનગર,તા.૨૨

આજ રોજ શ્રી એમ. એચ. વિદ્યા મંદિર ડભોડામાં બાળકોના સર્વાંગી વિકાસ માટે તેમજ ધોરણ ૧૦ અને ૧૨ નાં વિદ્યાર્થીઓના પ્રથમ પરીક્ષાના પરિણામની ચકાસણી માટે ઉપરાંત આવનાર બોર્ડની પરીક્ષાને ધ્યાનમાં રાખી બાળકના સારા પરીણામ માટે વાલીશ્રી તરીકે પોતાની ફરજ બજાવી બાળકનું ઉત્તમ પરીણામ આવે તેમજ શિક્ષણની સાથે સાથે સંસ્કાર સિંચનનું મહત્વ જીવનમાં કેટલું ઉપયોગી છે તે બાબતને લઈ આજે વાલી સંમેલન નું આયોજન કરવામાં આવ્યું હતું . જેમાં વાલીગણનો અભૂત પૂર્વ ઉત્સાહ જોવા મળ્યો આજે પોતાનું સંપૂર્ણ કામકાજ છોડી પોતાના બાળક માટે સમય આપી બાળકના ભાવિ અંગે સાથ સહકાર આપી આજની વાલી મિટિંગને સફળ બનાવી.. આ ઉપરાંત શ્રી કેળવણી મંડળ તેમજ શાળાના સ્ટાફ પરિવાર તેમજ વિદ્યાર્થીઓનો ખૂબ જ સરસ સહયોગ મળ્યો.

ઈસનપુર મોટા ખાતે બ્રહ્મસમાજ દ્વારા સ્નેહ-મિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ઈસનપુર મોટા બ્રહ્મસમાજનો ૨૨મો સ્નેહમિલન સમારોહ તા. ૨૦ નવેમ્બરના રોજ સવારે ઓમલેન્ડમાર્ક સ્કૂલ મોટા ચિલોડા મુકામે ખુબજ આનંદ ઉત્સાહ અને ધામધૂમ સાથે અનોખી રીતે ઉજવાયો હતો.

છેલ્લા ૨૫ વર્ષથી ગિરીશભાઈ રાવલ કે જેવો આ સમાજના પ્રમુખ તરીકે રહી કરેલ યશસ્વી કામગીરીની સરાહના કરવાની સાથે તેમની ટીમનો વિદાય સમારંભ તેમજ ડૉ. અશોકભાઈ રાવલની નવી વરાયેલ ટીમનો સત્કાર સમારંભ યોજાઈ ગયો. સાથે સાથે સમાજના તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ, વિશિષ્ટ પદવી પદોનિત્ત વાળાઓ તેમજ વડીલોની વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગિરીશભાઈ રાવલે સમાજની એકતા, વિકાસ અને પ્રગતિ અંગે માર્ગદર્શન આપતું મનનીય પ્રવચન કરી સૌના દિલ જીતી લીધા હતા. વધુમાં ગુજરાત હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના એડવોકેટ અને સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીનભાઈ રાવલે પોતાની આગવી શૈલીમાં બ્રાહ્મણ સમાજના વિકાસ, પ્રગતિની સાથે યુવાનોને નોકરી અને વ્યવસાયલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવાની સમજ આપી હતી. શ્રીમતી રીનાબેન રાવલ સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખના ઉપપ્રમુખ તેમજ સંગઠક દિલીપભાઈ રાવલે કરેલા પ્રવચન સમાજપયોગી અને ઉડીને આંખે વળગે તેવા તથા સૌના દિલ જીતી લીધા હતા. તો ડૉ. અશોકભાઈ રાવલે સૌનો સાથ અને સૌનો વિકાસની સાથે સમાજને આગળ લઈ જવાની શીખ આપી હતી.

ફેન્સિંગ ગર્લ્સ ઈન્ટર સ્પર્ધામાં ચૌધરી સ્કુલની વિદ્યાર્થીનીઓએ મેદાન માર્યું

સ્પર્ધામાં ફેન્સીંગ ખેલાડીઓએ ૭ ગોલ્ડ, ૬ સિલ્વર અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવ્યા

ગાંધીનગર, તા.૨૨

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ભોલેશ્વર હિંમતનગર ખાતે ગતતા.૧૯ થી ૨૧ નવેમ્બર દરમિયાન ફેન્સિંગ ગર્લ્સ ઈન્ટર ડી.એલ.એસ.એસ.લીગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ડી.એલ.એસ.એસ.ગાંધીનગરના ફેન્સીંગ ખેલાડીઓએ ૭ ગોલ્ડ મેડલ, ૬ સિલ્વર મેડલ, અને ૩ બ્રોન્જ મેડલ મેળવીને સ્પર્ધામાં ચેમ્પિયન બન્યા છે.

મળતી વિગત મુજબ અંડર-૧૯ બહેનોની સેબર ઈવેન્ટમાં ચૌધરી શિલ્પા એ ગોલ્ડ મેડલ અને ચૌધરી દિશાએ સિલ્વર મેડલ, ફોઈલ ઈવેન્ટમાં પુવાર ધારીણીએ ગોલ્ડ મેડલ અને મરતોલીયા ગોપીએ બ્રોન્ઝ મેડલ તેમજ લખતરીયા યશ્વીએ સિલ્વર મેડલ મેળવ્યો છે.

જયારે અંડર-૧૭ માં બહેનોની ઈપી ઈવેન્ટમાં દાવડા પ્રિયલ એ ગોલ્ડ મેડલ અને ચૌધરી અમિષાએ સિલ્વર મેડલ, ફોઈલ ઈવેન્ટમાં વાઘેલા જાનવીબા એ ગોલ્ડ અને ચૌધરી ધારા એ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે.

જયારે અંડર-૧૪ માં બહેનોની સેબર ઈવેન્ટમાં રીંકલ ચૌધરીએ ગોલ્ડ મેડલ અને પારઘી દિશાએ સિલ્વર મેડલ, ઈપી ઈવેન્ટમાં મેર એકતાએ બ્રોન્ઝ મેડલ, ફોઈલ ઈવેન્ટમાં માળી દિયાએ સિલ્વર મેડલ મેળવ્યો છે.ખેલાડીઓ કિંજલબેન ઠાકોર, પાર્વતિ બેન ઠાકોર અને હાર્દિકજી ઠાકોરના માર્ગદર્શન હેઠળ ફેન્સીંગ રમતની તાલીમ મેળવી છે. વિજેતા ખેલાડીઓ અને કોચ ને એમેચ્યોર ફેન્સીંગ એસોસિએશનના મહામંત્રી ભરતજી ઠાકોર દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી છે.

ગૂજરાત વિદ્યાપીઠ સાદરાનું ગૌરવ

ગાંધીનગર,તા.૨૨

તાજેતરમાં નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા લેવાયેલી નેશનલ એલીજીબીલીટી ટેસ્ટમાં મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના અંગ્રેજી વિભાગના પીએચડી કક્ષાએ અભ્યાસ કરતાં શ્રી મેહુલભાઈ એસ. દેસાઈએ જુનિયર રીસર્ચ ફેલોશીપ માટે ક્વાલીફાય થઈ વિભાગ અને સમગ્ર વિદ્યાપીઠનું ગૌરવ વધાર્યું છે. શ્રી મેહુલભાઈ રિટેલિંગ ઓવ ગ્રીક મીથોલોજી વિષય સાથે ડૉ. દિવ્યેશ ભટ્ટના માર્ગદર્શનમાં શોધ નિબંધ તૈયાર કરી રહ્યા છે. તેમની આ ગૌરવપૂર્ણ સિદ્ધિ માટે સંયોજકશ્રી ડૉ. રાજેન્દ્ર જોષી તથા સમગ્ર સ્ટાફ પરિવાર અભિનંદન પાઠવે છે.

રાજયકક્ષાની અંડર-૧૮ તલવારબાજી કડી ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૨૨

રાજયકક્ષાની કેડેટ અંડર-૧૮ ફેન્સીંગ સ્પર્ધાનું આયોજન પી.એમ.જી.ઠાકર આદર્શ હાઈસ્કુલ કડી મહેસાણા ખાતે આગામી તા. ૧ ડિસેમ્બર ૨૦૨૨ ના રોજ કરવામાં આવ્યું છે.

આ અંગે વધુ માહિતી એમેચ્યોર ફેન્સીગ એસોસિએશન ઓફ ગુજરાત સ્ટેટના મહામંત્રી ભરતજી ઠાકોરે આપતા જણાવ્યું છે કે આ સ્પર્ધામાં ૧૪ થી ૧૮ વર્ષના ખેલાડી ભાઈઓ તેમજ બહેનો માટે આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાંથી નાસિક, મહારાષ્ટ્ર ખાતે યોજાનાર કેડેટ નેશનલ માટે ગુજરાતની ટીમની પસંદગી કરવામાં આવશે. નેશનમાંતી આગમી માર્ચ માસમાં ગુજરાતમાં યોજાનાર એશિયન કેડેટ ફેન્સીંગ સ્પર્ધા માટે ગુજરાતની ટીમ પસંદગી કરવામાં આવશે.

નાસિક ખાતે યોજાનાર કેડેટ નેશનલમાં ટોપ-૮માં સ્થાન મેળવનાર ખેલાડીઓ અને ટીમ આગામી ખેલો ઈન્ડીયા યુથ ગેમ્સ માટે ક્વોલીફાય થશે.

મનુષ્યો અને પશુઓ વચ્ચે ક્યારેક અદ્દભૂત સંબંધ રચાય છે. થોડાક સમય અગાઉ નીલગાયના બચ્ચાને તેની મા છોડીને ચાલી ગઈ હતી. ફૂટપાથ પર રહેતા શ્રમિક પરિવારે આ બચ્ચાને ખૂબ પ્રેમ આપ્યો અને તેનો ઉછેર કર્યો. બચ્ચુ મોટુ થતાં આસપાસના વિસ્તારોમાં ફરવા માંડતા શિકારી કૂતરાઓની નજરે તે ચઢી ગયુ હતુ. મા વિનાનુ બચ્ચુ આખરે શિકારી કૂતરાઓની ઝપટે ચઢી ગયુ હતુ. શિકારી કૂતરાઓથી ઘવાયેલા બચ્ચાને સમયસર સારવાર ન મળતા આખરે તેણે શ્વાસ ત્યજી દીધા હતા.

જલારામ મંદિર ખાતે પાટોત્સવ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

રાજ્યમાં ૧૦,૩૫૭ શતાયુ મતદાતાઓ મતાધિકારનો ઉપયોગ કરશે : પી. ભારતી

પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો પર ૫,૧૧૫ જ્યારે બીજા તબક્કામાં ૯૩ બેઠકો પર ૫,૨૪૨ શતાયુ મતદાતાઓ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨માં બન્ને તબક્કામાં કુલ ૪,૯૧,૩૫,૪૦૦ મતદારો પૈકી ૧૦,૩૫૭ શતાયુ મતદાતા એટલે કે ૧૦૦ વર્ષ કે તેથી વધુ વયની આયુ ધરાવતા મતદાતાઓ લોકશાહીને વધુ મજબૂત બનાવવા પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. રાજ્યમાં કુલ ૧૦,૩૫૭ શતાયુ મતદાતાઓ પૈકી પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો પર યોજાનાર ચૂંટણીમાં ૫,૧૧૫ જ્યારે બીજા તબક્કામાં ૯૩ બેઠકો પર ૫,૨૪૨ શતાયુ મતદાતાઓ મતદાન કરશે, એમ મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું છે. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં કુલ ૧૦,૩૫૭ શતાયુ મતદાતા નોંધાયા છે.

જેમાં સૌથી વધુ શતાયુ મતદાતા ધરાવતા પ્રથમ પાંચ જિલ્લાઓમાં અમદાવાદમાં ૧,૫૦૦, વડોદરામાં ૭૧૬, ભાવનગરમાં ૬૨૮, રાજકોટમાં ૫૪૭ અને દાહોદ જિલ્લામાં ૫૩૧ મતદાતાઓ છે.

જ્યારે રાજ્યમાં સૌથી ઓછા શતાયુ મતદાતાઓ ધરાવતા પાંચ જિલ્લામાં ડાંગમાં ૦૮, તાપીમાં ૬૭, નર્મદા માં ૬૯, પોરબંદરમાં ૧૦૯ તેમજ પાટણ જિલ્લામાં ૧૨૫ મતદાતાઓ નોંધાયા છે. ઉત્તર ગુજરાતમાં અમદાવાદ જિલ્લામાં ૧,૫૦૦, બનાસકાંઠામાં ૩૮૨, ગાંધીનગરમાં ૨૬૦, મહેસાણામાં ૨૩૮, અરવલ્લીમાં ૨૦૦, સાબરકાંઠામાં ૧૬૪ તેમજ પાટણ જિલ્લામાં ૧૨૫ શતાયુ મતદારો નોંધાયા છે.

જ્યારે સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લામાં ૬૨૮, રાજકોટમાં ૫૪૭, કચ્છમાં ૪૪૪, જુનાગઢમાં ૩૯૫, અમરેલીમાં ૩૭૨, જામનગરમાં ૨૯૮, ગીર સોમનાથમાં ૨૭૮, સુરેન્દ્રનગરમાં ૨૭૮, મોરબીમાં ૧૭૫, દેવભૂમિ દ્વારકામાં ૧૭૪, બોટાદમાં ૧૬૮ તેમજ પોરબંદરમાં ૧૦૯ શતાયુ મતદારો છે. મધ્ય ગુજરાતમાં વડોદરામાં ૭૧૬, દાહોદમાં ૫૩૧, આણંદમાં ૩૩૨, ભરૂચમાં ૩૧૨, ખેડામાં ૨૮૦, પંચમહાલમાં ૨૩૭, છોટાઉદેપુરમાં ૧૪૫, મહિસાગરમાં ૧૩૨ તેમજ નર્મદા જિલ્લામાં ૬૯ શતાયુ મતદારો છે.

આપ પાર્ટી દ્વારા સેકટર-૨૪, ૧૭, ૩૦ અને ચરેડીમાં પ્રચાર ઝુંબેશ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર વિધાનસભામાં ત્રિપાંખીયો જંગ જામ્યો છે. ઉમેદવારો દ્વારા પ્રચાર-પ્રસાર તેજ કરી દેવામાં આવ્યો છે.

શિયાળામાં દિવસ ટુંકો હોવાથી સવાર થી સાંજ સુધી વધુમાં વધુ મતદારો સુધી પહોંચી શકાય તે માટે ઉમેદવાર અને કાર્યકરો મથામણ કરી રહ્યા છે.

ત્યારે આપ પાર્ટીના ઉમેદવાર મુકેશભાઈ પટેલ ગઈકાલ સાંજના સમયે ચરેડી વિસ્તારમાં એકટીવા પર કાર્યકરો સાથે પ્રચાર કર્યો હતો.જયારે આજે સવારે સેકટર-૧૪, ૧૭ અને સેકટર-૩૦માં કાર્યકરોની ફોજ સાથે ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. જયારે મતદારો તરફથી મુકેશભાઈ પટેલને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ત્યારે ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીનું જોર પણ ધીમે ધીમે વધી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

રાસેયો દ્વારા માધવગઢમાં વોટિંગ જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા.૨૨

ગૂજરાત વિધાપીઠના સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓ મતદાન જાગૃત્તિ અન્તર્ગત માધવગઢ ગામની પ્રાથમિક શાળાના વિધાર્થીયો સાથે રહી લોકોને મતદાન કરવા પ્રેરિત કરવામાં આવ્યું હતું સવારે પ્રાથમિક સાલાનાં વિધાર્થીઓની સાથે રહી જુદા જુદા વાસોમાં શેરી નાટકો કરવામાં આવ્યાં હતા અને ડોર ટુ ડોર મતદાન જાગૃત્તિ માટે લોકોને જણાવવામાં આવ્યું હતું મતદાન જાગૃત્તિ કાર્યક્રમમાં વિધાર્થીઓ મંથન મિસ્ત્રી , કૌશિક કટારીયા, ચંદ્રભાન મકવાણા , શ્રી ચિરાગ ઓડ, મોતી ભરવાડ, ન્યૂઝી ત્રિવેદીઅને રુચિત રાઠોડ નાટકોમાં વિવિધ રોલ ભજવ્યા હતા વિધાર્થીઓ સાથે રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું રેલીમાં સારા સારા સુત્રો સારા કામ છોડ દો સબસે પહલે વોટ દો અને હમ સબ મિલકર પ્રજાતંત્ર કા જતન કરે – મતદાન જરૂર કરે સાથે સંપૂર્ણ ગામમાં રેલી કાઢવામાં આવી હતી આ રીતે ગૂજરાત વિધાપીઠના સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓ ચુંટણી પંચ દ્વારા આપેલી માર્ગદર્શિકા પ્રમાણે લોકોને ૧૦૦ ટકા મતદાન કરવા માટે પ્રેરિત કરતા હતા આ મતદાન જાગૃત્તિ કાર્યક્રમમાં ગૂજરાત વિધાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજકશ્રી ડો. અરુણભાઈ ગાંધીનો, શારીરિક શિક્ષણ સંસ્થાના ડીનશ્રી જગદીશ ચંદ્ર સાવલિયા અને અન્ય અધ્યાપકોનો અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટનો મુખ્ય ફાળો રહેલો છે

આજે સે. ૩-ડી ખાતે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૨

મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સે. ૩-સીના મધુબેન કે. કડીકરના સૂર મધુર કંઠે આનંદનો ગરબો સે. ૩-ડી માં પ્લોટ નં. ૧૦૩૬/૧ વ્રજવાટિકા, હરસિદ્ધિ માતાના મંદિર તરફ ઘ-૨ સર્કલ પાસે ૨ ૩મીએ બપોરે ૨ થી ૫ કલાક સુધી રાખવામાં આવ્યો છે. તો સર્વે ભાવિકભક્તોને આનંદના ગરબામાં પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું હતું.

કેનેડા નિવાસી રમેશભાઈ સોમાભાઈ પટેલ તથા સવિતાબેન રમેશભાઈ નાદાનથી ચિલોડા નિવાસી એડવોકેટ પવિણ પટેલના હસ્તે તાલુકો તલોદ નાખૈરોલ ગામની શાળાના બાળકો ગામ જનો નટુભાઈ તથા અન્યની હાજરીમા સ્વેટર વિતરણ કરવામા આવયુ